# 'મેરી માટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં રેલી









ગાંધીનગર, તા.૯

'આઝાદીકા અમૃત મહોત્સવ' એ ભારતની આઝાદીના ૭૫ વર્ષની સ્મારક ઉજવણી છે. જેના સમાપન સમારોહ તરીકે 'મેરી માટી, મેરા દેશ' અભિયાન અંતર્ગત આજ રોજ ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ભારતના વીર શહીદોના બલિદાનોને બિરદાવતા સ્લોગન સાથે રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં મહત્તમાં સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### ૧૦મી ઓગસ્ટ – 'વિશ્વ સિંહ દિવસ

# મુખ્યમંત્રી સેટકોમ મારફત સિંહ સંરક્ષણ અને સંવર્ધન અંગે સંબોધન કરશે

## વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા ઉપસ્થિત રહેશે : મુખ્યમંત્રીશ્રીના હસ્તે પુસ્તક અને એપ્લિકેશન "સિંહ સૂચના વેબ એપ" તેમજ સિંહ અંગેના 'લાયન એન્થમ'નું લોન્ચિંગ

ગાંધીનગર, તા.૯

૧૦મી ઓગસ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ગુજરાતભરમાં વિવિધ સ્વરૂપે ઉજવણી કરવામાં આવનાર છે. આ નિમિતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સેટકોમ મારફતે સિંહ સંરક્ષણ અને સંવર્ધન અંગે ગાંધીનગરથી સંબોધન કરશે. આ ઉજવણી પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ 'વંદે ગુજરાત ચેનલ' નંબર-૧ પર બપોરે ૧:૦૦ થી ૦૧:૩૦ કલાક સુધી કરવામાં આવશે. જેની લિંક મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય દ્વારા ફેસબુક, યુટ્યુબ, જેવા સોશિયલ મીડિયાના માધ્યમ પર કાર્યક્રમના ૧૫ મિનીટ પહેલા શેર કરવામાં આવશે એમ, નાયબ વન સંરક્ષકની યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં સિંહ અંગેના 'લાયન એન્થમ' તેમજ "સિંહ સૂચના વેબ એપ"નું લોન્ચિંગ જ્યારે આઈ.એફ.એસ. ડૉ. સક્કિરા બેગમ દ્વારા નિર્મિત ગીરના સિંહ અંગેની કોફી ટેબલ બુક "The King of the jungle-The Asiatic Lions of Gir" ઉપરાંત "હું ગીરનો સિંહ" પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવશે. ૧૦મી ઓગષ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ-૨૦૨૩'ની ઉજવણી નિમિતે ગ્રામીણ અને શહેરી કક્ષાએ શાળાઓ-કોલેજોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા તેમજ સોશિયલ મીડિયા, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડિયા દ્વારા વર્ચ્યુઅલ રીતે કરાશે. જેમાં ખાસ કરીને એશિયાટીક લાયન લેન્ડ સ્કેપ વિસ્તારના ૧૦ જિલ્લાના ૭૪ તાલુકાની આશરે ૭,૦૦૦થી વધુ શાળા-કોલેજોમાં ઉજવણી કરવામાં આવશે. સિંહ એ જૈવિક, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ પારિસ્થિતિક તંત્રની દૃષ્ટિએ આગવું મહત્વ ધરાવતી પ્રજાતિ છે. સમગ્ર વિશ્વમાં તેના સંરક્ષણ અને સંવર્ધન માટે નાગરિકોમાં જાગૃતિ આવે અને લોક ભાગીદારી વધે તે હેતુથી વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં જે-તે ગામ/શહેરની શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, લોકપ્રતિનિધિઓ, ગ્રામજનો, એન.જી.ઓ.ના સભ્યો, પ્રકૃતિપ્રેમીઓ, સિંહપ્રેમીઓ, રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ શાળાએ ૧૦મી ઓગષ્ટના રોજ એકત્ર થઈ આ કાર્યક્રમમાં જોડાશે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી બાદ શાળાના પટાંગણમાંથી નિયત કરવામાં આવેલ રૂટ પર સિંહોના મહોરા પહેરી અને બેનર લઈ સાથોસાથ સિંહ સંરક્ષણ અને સંવર્ધનને લગતા નારાઓ બોલવા સાથે ઐતિહાસિક મહારેલી કાઢશે. રેલી પૂર્ણ કરી તમામ શાળાના પટાંગણમાં એકત્ર થઈ સભાના રૂપમાં મળશે. જ્યાં શાળાના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, સ્થાનિક એકત્ર લોકો દ્વારા સિંહ પર વક્તવ્ય આપવામાં આવશે અને એશિયાઇ સિંહના સંરક્ષણ માટે સંકલ્પ-પ્રતિજ્ઞા લઈને વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. તદુપરાંત તમામ સોશિયલ મીડિયાના માધ્યમથી પણ આ ઉજવણી કરવામાં આવશે અને જેમાં નાગરિકો દ્વારા સિંહોને લગતી પોસ્ટ જેવી કે, સિંહના ફોટોગ્રાફસ, ટૂંકા વિડીયો, ટેકસ મેસેજ, એસએમએસ, માઈક્રો બ્લોગ, ડિજિટલ ટેકનોલૉજીનો ઉપયોગ કરી શેર કરવામાં આવશે.



મહીસાગર જિલ્લાના સંતરામપુર આઝાદ મેદાન ખાતે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેના ભાગરૂપે ગૃહ રાજયમંત્રીએ આદિવાસી સમાજના ઘરમાં ભોજન લીધું હતું.



ગાંધીનગર તાલુકાના સાદરા ગામ ખાતે મારી માટી મારો દેશ કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનો દ્વારા માટી કળશ યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દીલીપભાઈ પટેલની હાજરીમાં પ્રાથમિક શાળા ખાતે શિલા કલકમનું અનાવર, પંચ પ્રતિજ્ઞા, વસુધા વંદન, વીરો કા વંદન તેમજ ધ્વજવંદન જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.



ગાંધીનગરની સંસ્કૃતિ મહિલા પરિવારની બહેનો સમુહમાં અધિક શ્રાવણ માસ નિમિત્તે જેતલપુર, વડતાલ, ગળતેશ્વર મહાદેવ અને ડાકોર તીર્થ સ્થાનોની યાત્રાએ ગઈ હતી અને દરેક જગ્યાએ ભાવપૂર્વક દર્શન તેમજ સ્નાન કરીને ધન્યતા અનુભવી હતી. આ પ્રવાસમાં સંસ્થાની ૩૮ બહેનો ઉત્સાહભેર જોડાઈ હતી અને હરખભેર દરેક પ્રવૃતિમાં ભાગ લીધો હતો.

### કંપની સમાચાર

# આદિત્ય બિરલા ફાઈનાન્સ રજૂ કરે છે 'ઉદ્યોગ પ્લસ' - એમએસએમઈ માટે એક ઈનોવેટિવ વન-સ્ટોપ બિઝનેસ પ્લેટફોર્મ

અમદાવાદ, તા.૦૮

આદિત્ય બિરલા કેપિટલની ધિરાણ આપતી પેટાકંપની આદિત્ય બિરલા ફાઈનાન્સ લિમિટેડ (એબીએફએલ) રજૂ કરે છે ઉદ્યોગ પ્લસ, જે એમએસએમઈ ગ્રાહકો માટે રચાયેલ એક ઈનોવેટિવ વન-સ્ટોપ બિઝનેસ પ્લેટફોર્મ છે.

આ નવું બીટુબી ડિજિટલ પ્લેટફોર્મ ગુજરાતના વિકસતા એમએસએમઈ ક્ષેત્ર માટે ધિરાણ, સુરક્ષા, રોકાણ, માર્ગદર્શન અને મૂલ્યવર્ધિત સેવાઓ સહિત અનેકવિધ ફાઈનાન્શિયલ સોલ્યુશન્સ ઓફર કરે છે. ઉદ્યોગ પ્લસ દ્વારા એબીએફએલ ગુજરાતમાં એમએસએમઈની વૃદ્ધિ અને વિકાસને સરળ બનાવવાનો તથા તેમને જરૂરી નાણાંકીય સહાય, સંપૂર્ણ સરળ રીતે અને પેપરલેસ પ્રક્રિયા દ્વારા સશક્ત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે, જેનાથી ધિરાણના ક્ષેત્રે નાણાંકીય સમાવેશ અને ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન મળશે.

ઉદ્યોગ પ્લસ એક ઓપન માર્કેટપ્લેસ છે જેને આદિત્ય બિરલા કેપિટલ વેબસાઈટના ફાઈનાન્સિંગ વિભાગ દ્વારા એબીએફએલના હાલના અને નવા, એમ બંને પ્રકારના ગ્રાહકો એક્સેસ કરી શકે છે. ગુજરાતમાં એમએસએમઈ હવે ઉદ્યોગ પ્લસ ની સંપૂર્ણ પેપરલેસ ડિજિટલ સફર દ્વારા રૂ. ૧૦ લાખ સુધીની બિઝનેસ લોન મેળવી શકે છે. અસુરક્ષિત બિઝનેસ લોન ઉપરાંત, પ્રમોટર્સ, માલિકો અને કર્મચારીઓ સહિત એમએસએમઈની સમગ્ર ઈકોસિસ્ટમ, ઉદ્યોગ પ્લસ દ્વારા ઓફર કરવામાં આવતી વિવિધ સર્વિસીઝનો આનંદ માણી શકે છે, જેમ કે કસ્ટમાઈઝ્ડ સુરક્ષિત ધિરાણ, વીમો, ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન્સ વગેરે.

આ પ્લેટફોર્મ ઓપન ક્રેડિટ એનેબલમેન્ટ નેટવર્ક (ઓસીઈએન) અને ખાનગી ઈ-કોમર્સ વેબસાઈટ્સ દ્વારા સરકારી ઈ-કોમર્સ વેબસાઈટ્સ સાથે સંકલિત છે જેથી આ પ્લેટફોર્મ પર વેચાણકર્તાઓને ક્રેડિટ સુવિધાઓ પૂરી પાડી શકાય.

આદિત્ય બિરલા ફાઈનાન્સે એમએસએમઈ ગ્રાહકોને અનેક મૂલ્યવર્ધિત સેવાઓ ઓફર કરવા માટે અગ્રણી સોલ્યુશન પ્રોવાઈડર્સ સાથે પણ ભાગીદારી કરી છે, જેમ કે કોર્પોરેટ ટ્રાવેલ સોલ્યુશન્સ સહિત ડિજિટલ કોમર્સ, બિઝનેસ નેટવર્કિંગ પ્લેટફોર્મ પર ફ્રી એક્સેસ, ઝીરો બેલેન્સ બેંક એકાઉન્ટ, એકાઉન્ટિંગ, પેરોલ, અને ટેક્સ ફાઈલિંગ ટૂલ્સ તથા સ્પેશિયલાઈઝ્ડ નોલેજ કન્ટેન્ટ હબ.

## ચકાચક કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હસ્તક છે. સેકટરોના અંદાજિત ૪૪૦ કી મી ના રસ્તાઓની જાળવણી કોર્પોરેશન કરે છે. જયારે સે- ૧ થી ૫ ના ૧૨૪ કી મી ના માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવા માટેના કામને પણ અંદાજે ૬ મહીના અગાઉ મંજુરી પણ આપી દેવામાં આવી છે. જયારે સે - ૧ થી ૫ ના મર્ગોને ચકાચક કરવા માટે અંદાજિત રૂ ૩૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. પરંતુ પાણી ગટરની નવી લાઈન નાંખવાની પુર્ણતાના અંતે જ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરી શકાય તેમ હોવાથી રસ્તાઓનુ કામ થઈ શકયુ નથી. જેના લીધે સ્થાનિકો ડગલે ને પગલે હાલાકી વેઠી રહ્યા છે. જો કે હજુ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે કોઇ ગતિવિધિ હાથ ધરવામાં આવી નથી.

## ટીમ કામે લાગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જો કે હજુ આ કામગીરી ચાલી રહી છે. વનતંત્રએ હાથ ધરેલા સર્વે મુજબ શહેરમાં અંદાજિત ૧૩૫ જોખમી વૃક્ષો છે જયારે આ દુર કરવા માટે ટીમ કામે લાગેલી છે. વરસાદી દિવસોમાં સુકાયેલા જોખમી વૃક્ષો જમીનદોસ્ત થાય તો ગમે ત્યારે અકસ્માત સર્જાય છે. અગાઉ વર્ષો પુર્વે ચ માર્ગ પર ભારે વરસાદમાં જોખમી વૃક્ષ ધરાશાયી થતા એક વ્યકિતનુ મોત નિપજયુ હોવાની ઘટના પણ સામે આવી હતી. આવા સંજોગોમાં સુકાયેલા વૃક્ષો હરિયાળી માટે નુકસાનકારક અને જાનેલવા પુરવાર ન થાય તે પણ અનિવાર્ય છે.

## સરકાર ચુકવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એમ.ડી.ના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૬ લાખ તથા એન્જિનિયરીંગના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૨.૫૦ લાખ તેમજ અન્ય અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૧ લાખની રકમની ટોચ મર્યાદામાં (સિલીંગ લિમીટ) શિષ્યવૃત્તિની ચૂકવણી કરવાની જોગવાઈ દાખલ કરેલ છે. કેન્દ્ર સરકારની ઉપરોક્ત નવીન ગાઈડલાઈનમાં સૂચવેલ ટોચ મર્યાદા(સિલીંગ લિમીટ)થી વધુ રકમની શિષ્યવૃત્તિની ચૂકવણી રાજ્ય સરકાર દ્વારા કરવા અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ટ્રીટેડ પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભલામણને પણ મંજુરી આપવામાં આવશે. જયારે બાંધકામ અને કાટમાળ, કચરાના વ્યવસ્થાપન અંગેના જાહેરનામાને મંજુરી આપવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત કોટેશ્વરમાં પાણી તેમજ ગટરના કામને અનુલક્ષી વધારાના ખર્ચને મંજુરી આપવા ઉપરાંત સુઘડ ખાતે વોટર સપ્લાય અને ગટર નેટવર્કની કામગીરીને અનુલક્ષીને રૂ ૩૨.૫૮ લાખના વધારાના મંજુરી અપાશે. શહેરમાં સે -૬માં સ્થિત બગીચાને અનુલક્ષી નરસિંહ મહેતાનુ સ્ટેચ્યુ તેમજ વાવોલમાં વિજય એપાર્ટમેન્ટ અને શાલીન -૨ પાસે કોર્નર પર ભગવાન પરશુરામના સ્ટેચ્યુની કામગીરી કલા કેન્દ્રને સોંપવા માટે પણ ભલામણને મંજુરી આપવામાં આવશે. આરોગ્ય શાખા દ્વારા વેકટર ટીમ રોકવા માટેના ખર્ચને પણ મંજુર કરાશે. આ ઉપરાંત મહાનગરપાલિકા વિસ્તારમાં મંડપ ડેકોરેશનની કામગીરી માટે રૂ ૬૬.૬૩ લાખના ટેન્ડરને મંજુર કરાશે. જયારે મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓનો ચાર્જ એલાઉન્સ મંજુરી આપવાની સત્તા સોંપવા અંગે કમિશ્નરની ભલામણ સંદર્ભે નિર્ણય લેવાશે.

## જવાબ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે સદનમાં અવિશ્વાસના પ્રસ્તાવનો જવાબ આપશે. એ દરમિયાન આજે સદનમાં ગૃહમંત્રી અમિત શાહે અવિશ્વાસની દરખાસ્ત અંગે વિરોધપક્ષો દ્વારા કરાયેલી ટિપ્પણીનો વિગતવાર જવાબ આપ્યો હતો.

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની સિદ્ધિઓ વર્ણવતા અમિત શાહે જણાવ્યુ હતુ કે છેલ્લા ૯ વર્ષમાં અમારી સરકારે ૫૦ થી પણ વધુ એવા નિર્ણયો લીધા છે કે જે ચિરસ્મરણીય બની રહેવાના છે. છેલ્લા ૯ વર્ષથી ભારતમાં નવી રાજનીતિ શરૂઆત થઈ છે. વર્તમાન અવિશ્વાસની દરખાસ્તના સંદર્ભે ભુતકાળની ૩ અવિશ્વાસની દરખાસ્તનો ઉલ્લેખ કરતા અમિત શાહે જણાવ્યુ હતુ કે અવિશ્વાસની દરખાસ્ત લાવવી એ સંવૈધાનિક પ્રક્રિયા છે અને વિરોધ પક્ષને આવી દરખાસ્ત લાવવાનો અધિકાર છે. પરંતુ મારે આ સદનમાં અગાઉ આવેલી ત્રણ અવિશ્વાસની દરખાસ્તનો ઉલ્લેખ કરવો છે. ૧૯૯૩માં નરસિંહ રાવ સરકાર સામે આવેલી અવિશ્વાસની દરખાસ્ત વખતે ઝારખંડ મુક્તિ મોરચાના સાંસદોને ખરીદીને વિશ્વાસનો મત જીતાયો હતો. ૨૦૦૮માં મનમોહનસિંહ સરકારે વિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો ત્યારે સાંસદોને લાંચ આપીને વિશ્વાસનો ઠરાવ પસાર કરાયો હતો. તેની સામે ૧૯૯૯માં અટલવિહારી બાજપાઈ સામે અવિશ્વાસની દરખાસ્ત આવી ત્યારે અમે કોઈ આવી પ્રવૃત્તિમાં પડ્યા ન હતા અને તેને પરિણામે અટલજીની સરકાર માત્ર ૧ મત માટે હારી ગઈ હતી.

મોદી સરકારની સિદ્ધિઓ વર્ણવતા અમિત શાહે જણાવ્યુ હતુ કે અમારી સરકારે ૧૨.૬૫ કરોડ લોકોના ઘરમાં પાણીના નળ દ્વારા પાણી આપવાની વ્યવસ્થા કરી છે. ૯.૬૦ કરોડ લોકોને ગેસના સિલિન્ડર ઉપલબ્ધ કરાવ્યા છે. ૧૧ કરોડ લોકોના ઘરે શૌચાલયો બનાવી આપવામાં આવ્યા છે. ૫૦ કરોડ લોકોને ૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મળે એવી વ્યવસ્થા કરી છે. ૧૪.૫૦ કરોડ કિશાનોને સન્માનનિધિ આપી છે. જનધન યોજના હેઠળ અમે ૪૯ કરોડ ખાતા ખોલ્યા છે અને તેમાં ૨૫ કરોડ રૂપિયા ગરીબોના ખાતામાં સીધેસીધા જમા કરાવ્યા છે. રાજીવ ગાંધીનો નામોલ્લેખ કર્યા વગર અમિત શાહે એવો ટોણો માર્યો હતો કે અગાઉના એક વડાપ્રધાને એવુ કહ્યુ હતુ કે હું ગરીબો માટે ૧ રૂપિયો મોકલુ છુ અને તેમની પાસે ૧૫ પૈસા પહોંચે છે. અમે આ દૂષણ અટકાવી દીધુ છે અને આખેઆખો ઉપયોગ સીધેસીધો ગરીબોના ખાતામાં જાય છે. અમે ૮૦ કરોડ લોકોને પાંચ કિલો અનાજ પહોંચાડ્યુ છે. અગાઉની સરકારોમાં ભારતમાં માત્ર ૬૮ હવાઈ અડ્ડા હતા જેની સંખ્યા અમારી સરકારે ૧૪૮ પર પહોંચાડી છે. કાર્ગો સર્વિસની શક્તિ ૭૯ ટકા વધી છે. જાડા ધાન્યને આ સરકારે મહત્વ આપ્યું છે. અગાઉ મનમોહનસિંહની સરકારમાં ૪.૭૫ કરોડ મેટ્રિક ટન જાડુ ધાન ખરીદાતુ હતુ જે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારમાં ૮.૯૬ લાખ મેટ્રિક ટન ખરીદવામાં આવે છે. અમે વિદેશ ભાગી ગયેલા ગુનેગારોને મહેનત કરીને ભારતમાં લાવ્યા છીએ. આતંકિઓ સામે અમે કડક પગલા ભર્યા છે. ૫૬ વ્યક્તિઓને અમે આતંકી જાહેર કરી છે જેનો કોઈ જગ્યાએથી વિરોધ થયો નથી.

કાશ્મીરનો ઉલ્લેખ કરતા ગૃહમંત્રીએ કહ્યુ કે ૩૭૦મી કલમ એ નહેરૂની ઐતિહાસિક ભૂલ હતી. ૨૦૧૪ થી ૨૦૧૯ દરમ્યાન અમારી સરકારે કાશ્મીરને આતંકવાદમાંથી મુક્તિ અપાવી છે. કાશ્મીરમાં ૬૮ ટકા આતંકવાદ ઘટ્યો છે અને તેને કારણે ૧.૮૦ કરોડ લોકો કાશ્મીરના પ્રવાસે જઈ શક્યા છે. કાશ્મીર અંગે વધુ સ્પષ્ટતા કરતા શાહે ઉમેર્યુ હતુ કે કાશ્મીર અંગેની ચર્ચા અમે હુર્રિયત કે પાકિસ્તાન સાથે નહી કરીએ બલકે એ અંગેની ચર્ચા કાશ્મીરના યુવાનો સાથે કરીશુ. નોર્થઈષ્ટ વિસ્તારની વાત કરતા અમિત શાહે જણાવ્યુ હતુ કે એ વિસ્તારમાં ૮૬ ટકા હિંસા ઘટી ગઈ છે. ચીન સાથેના સંબંધોનો ઉલ્લેખ કરીને અમિત શાહે જણાવ્યુ કે અમે હિન્દી ચીની ભાઈ ભાઈના નારા નથી લગાવ્યા. આ સૂચવે કે અમારી નીતિ કેવી સ્પષ્ટ છે. અવિશ્વાસના તમામ મુદ્દાઓને સવિસ્તર જવાબ આપીને અમિત શાહે સદનમાં પોતાનો પ્રભાવ પાથરી દીધો હતો. એનડીએના તમામ સંસદોએ ગૃહમંત્રીના પ્રવચનને વારંવાર ધ્વનિઓથી અને તાળીઓથી વધાવીને અમિત શાહનો ઉત્સાહ તેમજ આત્મવિશ્વાસ વધાર્યો હતો.

## અંગ જ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્મૃતિ ઈરાને કહ્યું કે તમારા સહયોગી દળના નેતાએ તમિલનાડુમાં કહ્યું હતું કે ભારતનો મતલબ ઉત્તર ભારત છે. રાહુલ ગાંધીમાં હિમ્મત હોય તો ડીએમકેના સાથીનું ખંડન કરી બતાવે. સ્મૃતિએ પૂછ્યું કે કોંગ્રેસના એક નેતા કાશ્મીરને ભારતથી અલગ કરવાની વાત કરે છે. આજે તમે એમનું ખંડન કેમ નથી કરતા? સ્મૃતિ ઈરાનીએ આ દરમિયાન કહ્યું કે હું સાંધાના દુખાવા પર કંઈ કહીશ નહીં. રાહુલ ગાંધી કાશ્મીરમાં બરફ સાથે ખેલતાં જોવા મળ્યા હતા. આ કલમ ૩૭૦ હટાવવાને કારણે જ શક્ય થયું છે.

## મંજુરી અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યવસ્થાપનના કામો જનભાગીદારીથી પેવર બ્લોકની કામગીરી સહીતના કામોની દરખાસ્ત પણ હાથ પર લેવાશે. આ ઉપરાંત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે શહેરી વિસ્તારમાં રખડતા ઢોર પર નિયંત્રણ લાવવા માટે પણ રૂ ૫૦ લાખના કામોની યાદી મંજુરી અર્થે રજુ કરાશે. આ ઉપરાંત જ માર્ગથી બાસણને જોડતા બ્રિજના ડી પી આર બનાવવા માટે પણ નિર્ણય કરવામાં આવશે. સ્થાયી સમિતિની બેઠકમાં શહેરના વિવિધ ૮ જાહેર શૌચાલયની જાળવણી પે એન્ડ યુઝના ધોરણે કરવા પણ નિર્ણય લેવાશે. જ માર્ગથી બાસણ ને જોડતા બ્રિજની કામગીરી મામલે ડીપીઆર બનાવવા નિર્ણય કરાશે.